ગાંધીનગર સમાચાર
તા. ૨-૭-૨૦૧૫, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી....

# લલિત મોદીના નિવેદનો નાટકીય બની રહ્યા છે

ક્રિકેટજગતના ખલનાયક લલિત મોદી એક પછી એક નવા ખુલાસા કરી રહ્યા છે એથી એમની પાછળ કોઇ આયોજનપૂર્વકનું રાજકીય સમર્થન હોવાની શંકા બળવત્તર બને છે. જો કે એથી જનમાનસમાં ભ્રષ્ટાચાર શિરોમણી લલિત મોદી પ્રત્યે નફરત વધતી જાય છે અને એથી એની સાથે સંબંધો ધરાવતા રાજકારણીઓ એક જ માળાના મળકા છે - એવી છાપ બંધાતી જાય છે. નરેન્દ્ર મોદી એમનાં વિદેશમંત્રી અને રાજસ્થાનના મુખ્યમંત્રીને ખોટી રીતે છાવરી રહ્યા હોવાની છાપ ઊપસતી જાય છે. લલિત મોદીના કબાટમાંથી નિત્ય નવું હાડપિંજર નીકળે છે. વસુંધરા રાજે અને સુષ્મા સ્વરાજને લપેટામાં લીધા પછી એમણે કોંગ્રેસીઓને સકંજામાં લેવા માંડ્યા છે. પ્રિયંકા ગાંધી અને રોબર્ટ વાડરાને મળીને ખુશી થઇ હોવાનું જણાવ્યું ત્યારે સ્વાભાવિક રીતે જ કોંગ્રેસ વર્તુળોમાં સોપો પડી ગયો હતો. રેસ્ટોરંટમાં થયેલી મુલાકાત થોડી કહેવાય - એવી દલીલ સાથે કોંગ્રેસના પ્રવક્તાઓ આખી વાત પર ઢાંકોઢૂંબો કરી દેવા માગતા હતા. રોબર્ટ વાડરા અને પ્રિયંકા ગાંધી કોંગ્રેસ માટે અસ્કામત કરતાં સવિશેષ જવાબદારી બની રહ્યાં છે. એમની હરિયાણા-રાજસ્થાનની જમીન અને ઉત્તરાખંડનું ફાર્મ હાઉસ નરેન્દ્ર મોદીની આંખે ચડી ચૂકેલ છે. લલિત મોદીએ છેલ્લે ગાંધી પરિવાર સંદર્ભે નવો બોમ્બ ફોડ્યો છે. એમણે ટ્વિટર પર લખ્યું છે કે વરુણ ગાંધી લંડનમાં એમના ઘરે મળવા ગયા હતા. વરુણ ગાંધીએ એમને તમામ પ્રકારની મદદનો સધિયારો આપતાં કહ્યું હતું કે તેઓ ‘આન્ટી’ કહેતાં સોનિયા ગાંધી સાથે વાત કરી એમને બધી જ તકલીફમાંથી છૂટકારો અપાવશે. લલિત મોદીના જણાવ્યા મુજબ વરુણ ગાંધીએ એમને ઇટાલીમાં રહેતાં સોનિયા ગાંધીનાં બહેનને મળી લેવા જણાવ્યું હતું. પોતાને બધાં જ મામલામાંથી છૂટકારો અપાવવા સોનિયા ગાંધીનાં બહેને ૩૬૦ કરોડ રૂપિયા જેટલી જાડી રકમ માગી હોવાનું પણ લલિત મોદીએ જણાવ્યું હતું. વરુણ ગાંધીએ લલિત મોદીના આરોપોનો ઇનકાર કર્યા છતાં એમની સાથે કોઇ ‘કોમન ફ્રેન્ડ’ ના માધ્યમથી મુલાકાત થઇ હોવાનું તો સ્વીકાર્યું જ છે જો કે, વરુણ ગાંધી ગાંધી પરિવારના સદસ્ય જરુર છે, પરંતુ ‘આન્ટી’ સાથે એમને બોલાવાના સંબંધો હશે કે કેમ તે પ્રશ્ન છે. વરુણ ગાંધી અને એમનાં માતા મેનકા ગાંધી બેઉ હાલ ભાજપનાં ચૂંટાયેલાં સાંસદો છે. કોંગ્રેસના અધિકૃત પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ પત્રકાર પરિષદમાં ભાજપ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે કેટલાક સીધા સવાલો કર્યા છે. નાના મોદી મોટા મોદીની મદદ કરવ માટે તો આવાં બાલિશ નિવેદનો નથી કરી રહ્યા? છોટા મોદી બડે મોદીના સંકટમોચનનો રોલ તો અદા નથી કરી રહ્યાં? સુષમા-વસુંધરાની વિરુદ્ધ કોંગ્રેસે છેડેલા આંદોલનથી ધ્યાન ભટકાવવાના ભાગ રુપે તો લલિત મોદી પાસે વડાપ્રધાન અને ભાજપ - રાષ્ટ્રીયસ્વયં સેવક સંઘના કોઇ એજન્ટ રોજેરોજ નવાં નવાં નિવેદનો નથી કરાવી રહ્યાં? સામાન્ય નાગરિકને પણ કોંગ્રેસ પ્રવક્તાના આ તર્કમાં તથ્ય હોવાની શક્યતા વરતાઇ રહી છે એનું સૌથી મોટું કારણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સુદીર્ઘ - આયોજન પૂર્વકનું મૌન છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વહેલી તકે આ મુદ્દે કેટલીક સ્પષ્ટતાઓ કરવાની જરુર છે. સુષમા - વસુંધરાનો વિવાદ વડાપ્રધાન અને એમની પાર્ટીની ઇમેજને અત્યાર સુધી ઘણું નુકસાન પહોંચાડી ચૂક્યો છે. કોંગ્રેસના બે પૂર્વ વિદેશપ્રધાનો એમની સામે આંગળી ચીંધામણું થતાંની સાથે રાજીનામું આપી શકતા હોય તો સુષમા સ્વરાજ એમની સામે આટલી મોટી આફત પછી પણ પદ કેમ છોડતાં નથી? શું વડાપ્રધાન મૌન રહીને એમના વિરોધમાં રહેતી આવેલી મહિલા નેતાઓની ટાઢે પાણીએ ખસ કાઢવા માગે છે?

# વ્યસનના દૂષણને ડામવા એસ.જી. સ્કૂલના વિદ્યાર્થીઓએ રેલી યોજી

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરની એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાયમરી સ્કૂલના ધોરણ-૭ અને ૮ના બાળકોએ ગાંધીનગરમાં આજે વ્યસનમુક્તિ રેલી કાઢી અને સરદાર વલ્લભભાઈ પટેલ ધોરણ-૭ના વિદ્યાર્થીઓ દ્વારા ગાંધીનગરના ઘ-૬ થી સેક્ટર-૨૪ સર્કલ, સે. ૨૩ સ્વામિનારાયણ મંદિર, ઘ-૬ થી ચ-૭, ઘ-૬ થી ચ-૫ અને આઈ.ટી.આઈ સર્કલ એમ પાંચ વિભાગમાં બાળકોને વહેંચી રેલીનું વલ્લભભાઈ પટેલ વ્યસન મુક્તિ અને પુનઃ વસન કેન્દ્રની મુલાકાત માટે લઈ ગયા હતા. અહીં ડ્ર્ગસથી પીડાતા દર્દીઓની સંભાળ કેવી રીતે લેવાય છે અને કેવી રીતે તેની સારવાર અપાય છે તેની માહિતી



વ્યસન મુક્તિ તથા પુનઃ વસન કેન્દ્રની અમદાવાદ ખાતે મુલાકાત લીધી હતી. તથા ધોરણ-૫ અને ૬ના બાળકો માટે પોસ્ટર મેકીંગ યોજાયું હતું.

આજે વ્યસન મુક્તિ દિન નિમિત્તે શાળાના કેમ્પસમાં ધોરણ-૫ અને ૬ માટે વ્યસન મુક્તિ સંદર્ભે પોસ્ટર મેકીંગ સ્પર્ધા યોજાઈ હતી તથા આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બાળકોએ ધુમ્રપાન નિષેધ, વ્યસન લાવે રોગ, વ્યસનથી મુક્ત બનો વગેરે સૂત્રોનું ઉચ્ચારણ કરી રેલી કાઢી હતી.

આજ દિવસે સવારે ધોરણ-૮ના વિદ્યાર્થીઓને શાળાના શિક્ષકો અમદાવાદ ખાતેની સરદાર મેળવી હતી. શાળાના વિદ્યાર્થીઓએ આ સ્થળે વ્યસનમુક્તિ અંગે વિશેષ માહિતી મેળવી હતી અને વ્યસનથી કેવા કેવા દુષ્પરિણામો ભોગવવા પડે છે તેની માહિતી મેળવી હતી. ‘પાન-મસાલા, સિગારેટ, બીડી, ચડવી પડશે કેન્સરની સીડી’, ‘ગુટખા ખાય મુરખા’



જૂના કોબા પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ યોજાયો હતો. જેમાં જિલ્લા પંચાયતના પ્રમુખ હિનાબેન પટેલના હસ્તે શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સરપંચ યોગેશ નાયી, રામભાઈ પટેલ, લક્ષ્મણભાઈ પટેલ તથા રામભાઈ કે. રાવળ ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગર ખાતે કામધેનુ યુનિવર્સિટીની વેબસાઈટ લોન્ચ કરાઈ

ગાંધીનગર, તા. ૧

રાજ્યમાં પશુપાલન વ્યવસાયના વિકાસ થકી રોજગારીની સમસ્યાઓ હાલ નિવારી શકાય તેમ આજે ગાંધીનગર ખાતે કામધેનુ યુનિવર્ટીની નવીન વેબસાઈટ્ટ.ો.ક્ષ્ર્દ્ર.ક્ષ્નિ નું લોન્ચિંગ કરતાં કૃષિ અને પશુપાલન મંત્રીશ્રી બાબુભાઈ બોખીરીયાએ જણાવ્યું હતું.

મંત્રીશ્રી બોખીરીયાએ વધુમાં જણાવ્યું હતું કે, ભારત કૃષિ પ્રધાન દેશ છે. દેશમાં કૃષિ અને પશુપાલનને વધુ ને વધુ પ્રાધાન્ય આપવામાં આવે તો વર્તમાન વૈશ્વિક મંદીમાં પણ ભારતમાં તેની અસરોથી મુક્ત રહી શકે. રાજ્ય સરકારે ૨૦૦1 થી કૃષી અને પશુપાલનને પ્રાધાન્ય આપ્યું છે. જેના ભાગરૂપે ૧૯૯૪માં રૂ. ૫૯૧ કરોડના કૃષી બજેટની સામે આજે ૨૦૧૫-૧૬ના બજેટમાં કૃષિ માટે કુલ રૂ. ૪૮૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. છેલ્લા ૧૫ વર્ષથી ખેડૂતોની મહેનત અને રાજય સરકારના કૃષિલક્ષી અભિગમથી કૃષીની વાર્ષિક આવક અંદાજે રૂ. ૧,૪૨,૦૦૦ કરોડ થવા પામી છે. રાજ્યમાં બનાસકાંઠા જેવો ઓછા પાણી વાળો સરહદી જિલ્લો પણ આજે દૂધ ઉત્પાદનમાં અગ્રેસર છે. તેમજ ગુજરાતનો ડેરી ઉદ્યોગ દેશનો સૌથી વધુ દૂધનું ટર્નઓવર કરતો ઉદ્યોગ બન્યો છે. પશુપાલન વિભાગ દ્વારા પોરબંદર ખાતે ગીર ગાયના સંવર્ધન માટે કેન્દ્ર શરૂ કરવામાં આવનાર છે. ગાય-ભેંસ સિવાય પણ અન્ય પશુઓ જેવા કે ઊંટ અને બકરાના દૂધમાંથી પણ પોષક તત્વો મળી રહે છે તેના દૂધમાંથી પણ દૂધની વિવિધ પ્રોડકટ્સ બનાવીને પણ વેચાણ કરી શકાય. ગુજરાતમાં પશુપાલનની સાથે સાથે મત્સઉદ્યોગમાં પણ નોંધપાત્ર વિકાસ થઈ રહ્યો છે. રાજ્ય પાસે ૧૬૦૦ કિ.મી.નો વિશાળ સમુદ્ર કિનારો છે તો તેમાં પણ નવીન સંશોધન કરીને વ્યવસાયિક ઉપયોગ કરવા કામધેનુ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ-અધ્યાપકોને મંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો.

## બાજખેડાવાળ મંડળ પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને સન્માનશે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર બાજખેડાવાળ મંડળ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરશે. નર્સરી, કે.જી., ધોરણ-૧ થી ૧૨ અને કોલેજના છેલ્લા વર્ષના પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને પુરસ્કાર આપી સન્માનિત કરશે. ત્યારે લાગુ પડતા સમાજના વિદ્યાર્થીઓએ શાળા કોલેજની માર્કશીટની નકલ ૫ જુલાઈ સુધી પ્રમુખ કિરણભાઈ પંડ્યા પ્લોટ નં. ૩૫૯/૧ સે.૫-એ ખાતે મોકલી આપવા જણાવ્યું છે. ઈનામ વિતરણ કાર્યક્રમ ૨૬ જુલાઈના રોજ યોજાશે. જેમાં ભોજન માટે વ્યક્તિદીઠ રૂ. ૫૦ જમા કરાવવા અનિવાર્ય છે.

## પવિત્ર પુરૂષોત્તમ માસ નિમિત્તે શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરમાં સેક્ટર-૧૩-બીમાં ભક્તિ મહિલા મંડળ દ્વારા પવિત્ર પુરૂષોત્તમ માસ નિમિત્તે શ્રીમદ્ ભાગવતકથાનું આયોજન કરવામાં આવેલ છે. તા. ૩-૭-૨૦૧૫થી ૯-૭-૨૦૧૫ સુધી દરરોજ બપોરે ૩ થી ૬ દરમ્યાન રહેશે. કથાના વક્તા શ્રી પંકજભાઈ જોષી દ્વારા શ્રીમદ્ ભાગવત કથાનું રસપાન કરાવવામાં આવશે. આ કથાનું સ્થળ અન્નપૂર્ણાબેન દવેના ઘરે પ્લોટ નં. ૯૧૦/૨, સેક્ટર-૧૩-બી, નવરાત્રી ચોક પાસે રાખવામાં આવેલ છે. જેથી સર્વે ભક્તિપ્રેમી જનતાને આ કથાનો લાભ લેવા હાર્દિક આમંત્રણ છે.

## અમદાવાદ મહાપાલિકા સંચાલિત શાળાઓમાં સ્માર્ટ લર્નીંગ પ્રોગ્રામનો પ્રારંભ કરાવશે

ગાંધીનગર, તા. ૧

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ તા. ૨-૭-૨૦૧૫ ગુરૂવારે અમદાવાદના ટાગોર હોલ ખાતેથી સવારે ૧૧.૦૦ કલાકે સ્માર્ટ લર્નિંગ પ્રોગ્રામનો શુભારંભ કરાવશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ૨૮૯ પૂર્વ પ્રપાથમિક શાળામાં સ્માર્ટ લર્નિંગ પ્રોગ્રામનો આ સાથે અમલ કરાશે. અમદાવાદના મેયર શ્રીમતી મીનાક્ષીબહેન પટેલ તથા પદાધિકારીઓ અને મહાપાલિકાની વિવિધ સમિતિઓના અધ્યક્ષશ્રીઓ આ વેળાએ ઉપસ્થિત રહેશે. હાલ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વિવિધ શાળાઓના ધોરણ-૬ થી ૮ ના વિદ્યાર્થીઓ સ્માર્ટ લર્નીંગ પ્રોગ્રામ દ્વારા શિક્ષણ મેળવી રહ્યા છે.

## હરિની દૃષ્ટિ...




જો તમારું વજન ધ્યાનમાં રાખીએ તો... એક દિવસ યોગ ડે ઊજવવાથી કાંઇ નહીં વળે... રોજ યોગા કરવું પડશે...!!

# સર્વ શિક્ષા અભિયાન દ્વારા શ્રમજીવી બાળકોને દાતાઓ દ્વારા પ્રોત્સાહન

ગાંધીનગર, તા. ૧

રક્ષા શક્તિ સર્કલ પાસે, ધોળાકુવામાં સર્વશિક્ષા અભિયાન દ્વારા શ્રમજીવી બાળકોને ભણાવવામાં આવી રહ્યા છે. જેમને પ્રોત્સાહિત કરવા માટે દાતાઓ દ્વારા દાન-ભેટનો વરસાદ વરસ્યો હતો. મહાનગરપાલિકા ગાંધીનગર દ્વારા દફતર, શ્રીમતી જ્યોતિબા વિરેન્દ્રસિંહ ઝાલા દ્વારા નોટબુક, પેન્સિલ, રબ્બર, સ્લેટ, પેન, બોલપેન આપ્યા હતા. શ્રી પ્રેમચંદભાઈ સુનારા તરફથી સ્ટીલની ડીશો, શ્રોફ મેહુલભાઈ પટેલ વાવોલવાળા તરફથી નાસ્તો આપવામાં આવ્યો હતો. સેક્ટર-૪ના શ્રીમતી ભાનુબેન ઠક્કર, રશ્મીબેન પટેલે ગણવેશનું દાન કરેલ હતુ. શ્રીમતી મધુબેન કડીકર, રમીલાબેન, નયનાબેન, મીનાબેન, ગૌરીબેને સ્કૂલબેગ આપેલ હતી. અમેરિકન નિવાસી શ્રીમતી મધુબેન પટેલ દ્વારા સ્ટીલના ડબ્બા, પગરખા, નાસ્તો આપવામાં આવેલ હતો. દાતા તરફથી વિવિધ પ્રકારના દાન મળી રહેલ છે. બાલમિત્ર પ્રફુલ્લાબેન ભાવસારે જણાવેલ હતુ.

# સૌરાષ્ટ્ર કચ્છ સમાજ ટ્રસ્ટની ચિંતન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૧

સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા સાંસ્કૃતિક, સેવાકીય અને સામાજીક પ્રવૃત્તિઓને વેગ આપવા માટે ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં ૭૦થી વધુ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ શહેરમાં અનેક સેવાકીય કાર્યોમાં અગ્રેસર હોય છે. પરંતુ હજુ પણ વધારે સેવા કરવા માટે ચિંતન શિબિર યોજવામાં આવી હતી. તેમજ અમરેલીમાં થયેલ તારાજીમાં સહાય મોકલવામાં આવી હતી. રૂ. એક લાખ રોકડા એકત્રિત કરી જીવન જરૂરિયાત ચીજવસ્તુઓ મોકલવામાં આવી છે.

શિબિરમાં પુરમાં મૃત્યુ પામેલ તમામ જીવોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે ડૉ. પ્રદિપ ગગલાણી, કુવરજીભાઈ પટેલ, કેતન ધોળુ, જીલુભા ધાધલ ઉપસ્થિત રહ્યા હતા.

## હવેલી મંદિરમાં આજે રાસલીલાનો મનોરથ

ગાંધીનગર, તા. ૧

પવિત્ર પુરૂષોત્તમ માસ નિમિત્તે સેક્ટર-૨૧ સ્થિત શ્રીજીશ્રી ગોવર્ધનનાથજી હવેલી ખાતે આજે ગુરૂવારે રાસલીલાનો મનોરથ કરવામાં આવશે.

## આમ્રકુંજનો મનોરથન કરવામાં આવશે

શ્રી વલ્લભભુષણ પરમ વિદુષી પૂ.પા.ગો.શ્રી ૧૦૮ શ્રી ઈન્દીરાબેટીજી મહોદયા (પૂ.જી.જી.)ની અધ્યક્ષતા પુરષોત્તમ માસમાં શ્રીજીશ્રી ગોવર્ધનનાથજીની હવેલી સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે ૪-૭-૨૦૧૫ શનિવારના રોજ સાંજના ૭.૦૦ કલાકે શયનમાં આમ્રકુંજનો મનોરથ રાખવામાં આવેલ છે. સર્વે વૈષ્ણવોને આ દર્શનનો અવશ્ય લાભ લેવા વિનંતી છે.




રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના વરદ હસ્તે, આરોગ્યમંત્રી નિતીનભાઈ પટેલ અને શંકરભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં બોપલ-ધુમા ખાતે સામુહીક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

# વણિકમાંથી વૈશ્વિક બનેલા મહાત્માની સલાહ
# લોકોને લૂંટી પૈસાદાર બનવું એ વેપારીઓનો ખરો ધર્મ નહીં કહેવાય

આજે વૈશ્વિક કક્ષાએ અર્થશાસ્ત્રના પોથી પંડિતો ‘ગ્લોબલ વિલેજ’ અને એલપીજીના મંત્ર સાથે સમગ્ર વિશ્વએ પ્રગતિના પગરણ માંડ્યા છે એવી આધુનિક વિચાર ગણાય તેવી સૂફિયાણી વાતો માંડી છે. ત્યારે મહાત્મા ગાંધી વેપાર-વેપારી અને વાપરનારના સંબંધો વિશે મજાની વાત કરી છે એ જાણવા જેવી છે.

ફેબ્રુઆરી ૨૯, ૧૯૧૬માં કરાંચીગમન સમયે સ્થાનિક નાગરિક સંઘ તરફથી યોજાયેલા માનપત્ર અર્પણ અપનાવવાની હિમાયત કરતાં વેપારીઓને સ્વરાજ પ્રાપ્તિ માટે આ બાબત ખૂબ જરુરી હોવાનું કહ્યું હતું. કરાંચીની સ્થાનિક નાગરિક સભામાં અત્યાધિક પ્રમાણમાં ઉપસ્થિત એવા ગુજરાતી વેપારી સહિતના વેપારીઓને સંબોધતા તેમણે કહ્યું હતું કે સ્વદેશી ધર્મના પ્રચાર માટે હિન્દુસ્તાનના વેપારીઓ ઘણું કામ કરી શકે છે. એક કાળે દેશભરમાં સ્વદેશીનું મોજું ફરી વળ્યું હતું. પરંતુ મેં સાંભળ્યું છે કે આ આંદોલન પડી ભાંગ્યું એનું મુખ્ય કારણ ભારતના વેપારીઓએ વિદેશી માલને સ્વદેશી કહીને લોકોને ગળે પરોવ્યો હતો તે હતું.

સ્વદેશીના સ્વીકાર અર્થે હિદુસ્તાનની પ્રજાનો સબળ ટેકો હોવા છતાં વેપારીઓના કારણે આખું આંદોલન એક ચળવળ રુપે પ્રસર્યું હતું. તેનો ધક્કો લાગ્યો હતો તેની સામે નારાજી વ્યક્ત કરતાં કહ્યું હતું કે હિંદના વેપારીઓ પોતાના વેપારમાં પ્રામાણિક અને સાચા બોલા બને તો તેઓ દેશના ઉદ્ધાર અને પુનર્જીવન માટે ઘણું બધું કરી શકે તેમ છે. માટે વેપારીઓએ પોતાના વેપાર ધંધાઓમાં હિંદુઓ જેને ધર્મ કહે છે અને મુસલમાનો જેને ઇમાન કહે છે તેનું દૃઢતાથી પાલન કરવું જોઇએ. આ પ્રમાણે બનશે ત્યારે જ આ દેશનો ઉદ્ધાર થશે. દક્ષિણ આફ્રિકામાં આપણા વેપારીઓએ લડતમાં કિંમતી સહાય આપી હતી. છતાં કેટલાક વેપારી ઢીલા પડ્યા તેને કારણે લડત કંઇક લંબાઇ હતી. ભણેલા લોકોનું કર્તવ્ય હિંદના વેપારીઓ તથા ગરીબ વર્ગના લોકો સાથે છૂટથી ભણવાનું છે. આમ થશે ત્યારે જ આપણા સૌને માટે સમાન અને પ્રિય ઉદ્દેશની દિશામાં આપણી કૂચ ઓછી કષ્ટમય બનશે.




કરાંચી રોકાણ દરમિયાન અન્ય જાહેર સમારંભોમાં પણ તેમણે વ્યાપારમાં પ્રમાણિકતા સંબંધે વાતો કરી હતી. તેમણે વેપારીઓને કહ્યું હતું કે જેમ બને તેમ લોકોને લૂંટીને પૈસાદાર બનવું એ વેપારીઓનો ખરો ધર્મ નહીં કહેવાય. એમ તો પીંઢારાઓ પણ લૂંટફાટ કરી પૈસો મેળવી પૈસાદાર થાય છે. જે શખ્સ સામેના માણસને છેતરીને વેપાર કર તે અને જે માણસ લપડાક મારીને પૈસા લઇ જાય એ બેમાં હું કાંઇ તફાવત જોડતો નથી.

ધર્મના રસ્તે ચાલવા વેપારીઓને સલાહ આપતા ગાંધીજી કહે છે વેપારી વર્ગે સત્યના ધોરણે કામ કરવું અને તેમાં પ્રજાને દાબી યા કચડી નાખવાનો ધંધો નહીં કરવો. જો કે વેપારીઓ આમ જ કરતાં હશે એવું કહેતો નથી. એમ સ્પષ્ટતા કરતા સ્પષ્ટતા કરે છે જયાં જયાં પાપ કીધાં હશે ત્યાં ત્યાં પ્રભુનો ડણ પર રાખ્યો હશે અને કોઇ માણસ ઉપર દયા રાખી હશે. વેપારીની મુખ્ય નેમ એ છે કે તેનો અભ્યાસ કરો અને ખીલવો. આપણે કેળવણી લઇ ડોકટર કે વકીલ થયા તેમાં કેળવણી લીધેલી ન કહેવાય. વેપાર ખીળવવાનો આપણે પ્રયત્ન કરવો જોઇએ, તેનો એક પ્રત્યક્ષ દાખલો દોરાબજી જમશેદજી તાતા અને રતન તાતા છે. સર દોરાબ પોતાના દીકરાઓને ડોકટર કે વકીલનો ધંધો નથી શીખવતા. એવા ડોકટરો તેમના ઘરમાં સત્તરસેં હશે પણ તેણે આ દેશમાં વેપારની ખિલવણી કરવામાં ભાગ ભજવ્યો છે. તેની નકલ કરો. હિંદમાં એના જેવો બીજો કોઇ નર નથી. બર્મિંગહામનો વેપારી ચેમ્બરલેન મરી ગયો છે છતાં તેની યાદ આજે પણ વેપારમાં જાણીતી છે. મૂળમાં તો ગુજરાતની મહાજન પરંપરામાં જોડાયેલી જ્ઞાતિના જન સેવા વણિક પુત્ર મહાત્મા ગાંધી વણિકમાંથી વૈશ્વિક કેવી રીતે બન્યા એનું સરળતાથી સમજી શકાય એવું ઉદાહરણ વેપારી વર્ગને આપેલી શિખમાં જડી આવે છે.

મહાત્મા કહે છે વેપારીઓ કહેશે કે બા અમે તો વેપારનું કામ કરીએ છીએ. અમે કાંઇ બીજા ખટરાગ કરીએ નહીં. પણ તેમ નહીં થવું જોઇએ. વેપારીઓએ પણ આસપાસના વાતાવરણમાં ભેળાવું જોઇએ અને ખુદ, મુસલમાન, હિંદુ કે પારસી દરેકના શાસ્ત્રમાં લખ્યું છે કે વેપારીએ વેપારની સાથે પ્રજાની પણ સેવા કરવી. દુષ્કાળ વેળા પ્રજા કપાઇ જાય તેવી માલો ઉપર ભાવો વધારવા એ દશા શુદ્ધ વેપારીની નથી. જેમ ક્ષત્રિનું કામ મારવાનું નથી તેમ વેપારીનું કામ પૈસા ભૈગા કરવાનું નથી.

૧. એલ.પી.જી = લિબરલાઇઝેશન, પ્રાઇવેટાઇઝેશન, ગ્લોબલાઇઝેશન

સંદર્ભ : કરાંચીમાં અપાયેલા ભાષણો, ગાંધીજીનો અક્ષરદેહ, ભાગ-૧૩, પૃષ્ઠ : ૨૩૪ થી ૨૩૭

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)